**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૨.૪ ડીગ્રી
લઘુતમ : ૨૫.૪ ડીગ્રી
ભેજ
સવારે ૯૫ ટકા ● સાંજે ૭૪ ટકા

# શહેરમાં મોબાઈલ નેટવર્કમાં ગાબડા



## રાજ્યનું પાટનગર હોવા છતાં મોબાઈલ નેટવર્ક વારંવાર ખોટવાતા નગરજનો પરેશાન : કેટલીક કંપનીઓના મોબાઈલ તો લેન્ડલાઈનથી લાગતા જ નથી

ગાંધીનગર, તા. ૧૭
છેલ્લા કેટલાક સમયથી ગાંધીનગરમાં મોબાઈલ નેટવર્ક વારંવાર ખોટવાઈ જતાં વસાહતીઓ હેરાન-પરેશાન થઈ ગયા છે. સારી અને મોટી કંપનીના મોબાઈલ પણ વારંવાર પ્રયાસ કરવા છતાં ન લાગતા વસાહતીઓ ત્રાસી ગયા છે.

ચોમાસુ શરૂ થયુ તે પછીથી ગાંધીનગર શહેરમાં મોબાઈલ નેટવર્ક વારંવાર ખોરવાઈ જાય છે. લગભગ બધી જ મોબાઈલ કંપનીઓના નેટવર્કમાં ગાબડાં પડ્યાં છે. મોબાઈલ કંપનીઓ શહેરમાં ઠેરઠેર ટાવર ઉભા કરી ઝડપી નેટવર્ક આપવાનો દાવો કરે છે પરંતુ હકીકત એ છે કે મોબાઈલ નેટવર્ક વારંવાર ખોટવાઈ જાય છે. સ્પીડી ડેટાની વાત તો દૂર રહી પરંતુ વાતચીત પણ સરખી અને સળંગ થઈ શકતી નથી.

વસાહતીઓએ કરેલી ફરિયાદ મુજબ શહેરના એવા ઘણા વિસ્તારો છે જ્યાં મોબાઈલ નેટવર્ક આવતુ જ નથી. વાતચીત ચાલુ હોય ત્યારે જ નેટવર્ક ખોરવાઈ જતાં વાતચીત અધુરી રહે છે. લેન્ડલાઈનથી મોબાઈલ લાગતા જ નથી. જ્યારે ડેટાની સ્પીડ પણ અમુક સમયે ખૂબ ધીમી થઈ જાય છે. હાઈ સ્પીડ ડેટાનો પ્લાન હોવા છતાં ડેટા ધીમો થઈ જતા વસાહતીઓ ત્રાસી ગયા છે. આ બાબતે મોબાઈલ કંપનીઓને વારંવાર રજૂઆત કરવામાં આવી હોવા છતાં તેનો ઉકેલ આવતો નથી.

## આજે ગાંધીનગરમાં

**ધાર્મિક**

- સમસ્ત બ્રહ્મસમાજ સે. ૨૩ દ્વારા રાત્રે ૯ થી ૧૦ દરમ્યાન પ્રશાંત કેવલરામ જોષી દ્વારા મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના યોજાશે.
- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા રાત્રે ૮.૩૦ વાગ્યે ગીરીશભાઈ શુક્લના નિવાસસ્થાન ઈ-૧૦૨, બાલમુકુંદ હાઈટ્સ, કુડાસણ ખાતે શિવ રૂદ્રાભિષેક તથા મહિમ્ન પાઠ યોજાશે.
- રામધામ વાવોલ ખાતે ૩ થી ૬.૩૦ દરમિયાન દેવી ભાગવત કથા યોજાશે.
- શ્રીરંગ અવધૂત પરિવાર દ્વારા સે. ૨૮ ખાતે સાંજે ૮.૧૫ કલાકે મફતભાઈ ચૌધરી દ્વારા લઘુરૂદ્ર યોજાશે.
- સમસ્ત બ્રહ્મસમાજ સે. ૨૬ દ્વારા જીગ્નેશભાઈ જોષીના નિવાસસ્થાન ૪૪૪/૧ કિસાનનગર ખાતે રાત્રે ૯ થી ૧૦ દરમિયાન શિવપૂજા અને મહિમ્ન પાઠ યોજાશે.

## બેસ્ટ સિંગર ઓફ ધ સિટી કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧૮
સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા લોક ઉત્સવ બનીને પાટનગરની સ્થાપનાકાળથી ઉજવાતો ગણેશ મહોત્સવ આ વર્ષે ૫૦માં વર્ષમાં પ્રવેશતા બેસ્ટ સિંગર ઓફ ધ સીટી-૨૦૧૯ ગાયન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ છે. જે અંતર્ગત સ્પર્ધા ગૃપ એ- ૬ થી ૧૫ વર્ષ, ગૃપ-બી ૧૬ થી ૩૦ વર્ષ, ગૃપ-સી ૩૧ થી ૫૦ વર્ષથી વધુ વર્ષ એમ ચાર ભાગમાં રાખવામાં આવી છે. જેના ફોર્મ મિનાક્ષી ટ્રેડર્સ પ્લોટ નં. ૩૮૧ તૃપ્તી પાર્લરની બાજુમાં સે. ૧૬ ખાતે વિતરણ તેમજ ફોર્મ સ્વિકારવાની છેલ્લી તારીખ ૨૦ ઓગષ્ટ છે અને ઓડીશન તા. ૨૫ ઓગષ્ટે યોજાશે તેમ અધ્યક્ષ નીશીત વ્યાસે જણાવેલ છે.

## શિવશક્તિ પરિવાર સે. ૩-ન્યુ દ્વારા કૃષ્ણ જન્મોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૮
શિવશક્તિ પરિવાર તથા જય અંબે યુવક મંડળ સે. ૩-ન્યુ દ્વારા તા. ૨૪ ઓગષ્ટના રોજ કૃષ્ણ જન્મોત્સવ પર્વની ઉજવણી કરવામાં આવશે. આ અંતર્ગત રાત્રે ૮.૩૦ કલાકે સ્ટેજ પ્રોગ્રામ, ૯.૩૦ કલાકે ડી.જે. રાસ-ગરબા, ૧૨ વાગે ભગવાન શ્રીકૃષ્ણ જન્મ હિંડોળા દર્શન તથા રાત્રે ૧૨.૩૦ કલાકે ભવ્ય મટકી ફોડ કાર્યક્રમ યોજાશે. વસાહતીઓના બાળકો માટે યોજાનાર સ્ટેજ કાર્યક્રમમાં જેને ભાગ લેવો હોય તેમણે તા. ૨૦ ઓગષ્ટ સુધીમાં યુવક મંડળના સભ્યોને ૯૮૨૪૬ ૪૬૬૦૫, ૯૪૨૭૩૦૦૭૪૧ પર સંપર્ક કરવા જણાવાયુ છે.

# સરઢવ ગામની સીમમાં ચીકુડીના ખેતરમાં જુગાર રમતા ૮ શકુની ઝડપાયા

ગાંધીનગર, તા.૧૮
ગાંધીનગર જિલ્લાના સરઢવ ગામની સીમમાં ચીકુડીના ખેતરમાં જુગાર રમતા ૮ શકુનીઓને પેથાપુર પોલીસે ઝડપી પાડ્યા છે. પોલીસે જુગારના દાવ પર થી રોકડ રૂ. ૯,૮૦૦ તેમજ અંગજડતી દરમિયાન ૫૭,૪૦૦ તેમજ મોબાઈલ નંગ-૮ કિ.૧૯,૦૦૦, ઈકો ગાડી કિં.રૂ.૧ લાખ મળીને કુલ રૂ. ૧,૮૬,૨૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



પોલીસ પાસેથી મળતી વિગત મુજબ પેથાપુર પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન તેઓને બાતમી મળી હતી કે સરઢવ થી ધમાસણા જતા માર્ગ પર ચીકુડીના ખેતરમાં ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા છે. બાતમી ને પગલે પોલીસે રેઈડ કરતા જુગાર રમતા ૮ શકુનીઓને પોલીસે રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પકડાયેલા જુગારીઓમાં સતિષ મંગળ પટેલ, રતિ ભોળા પટેલ, મુકેશ લાલભાઈ પટેલ, ધરમસિંહ જિતેન્દ્રસિંહ વાઘેલા, વિક્રમ ઉદેસિંહ પરમાર, સંતોષસિંહ નરવતસિંહ સોલંકી, દિલિપ ફુલચંદ પટેલ, વિનોદ પરષોતમ પટેલ તમામ રહે.ચાંદખેડાનો સમાવેશ થાય છે. જુગાર રમતા અચાનક પડેલી પોલીસની રેઈડને પગલે જુગારીઓમાં દોડધામ મચી જવા પામી હતી. પરંતુ પોલીસે કોર્ડન કરી તમામને જુગારીઓને પકડી પાડ્યા હતા. પેથાપુર પોલીસે દાવ પરથી રોકડ રૂ. ૯,૮૦૦ તેમજ અંગજડતી દરમિયાન રૂ.૫૭,૪૦૦ કુલ રોકડ રકમ રૂ. ૬૭,૨૦૦ તેમજ મોબાઈલ નંગ-૮ કિ. રૂ.૧૯,૦૦૦ સહિત ઈકો ગાડી જી.જે.૦૧.એચ.વી.૫૦૫૪ કિ.૧ લાખ મળીને કુલ રૂ.૧,૮૬,૨૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી પેથાપુર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### પેથાપુર ઠાકોરવાસમાંથી જુગારીઓ પકડાયા

પેથાપુર ગામના મોટા ઠાકોરવાસમાં ખુલ્લી જગ્યામાં જાહેરમાં જુગાર રમતા ૪ શખ્સોને પેથાપુર પોલીસે બાતમીને આધારે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જુગારીઓમાં જશુજી રામાજી ઠાકોર, ગજુ કરશન દંતાણી, ભુતપ કાના રાવળ અને નગીન ડાહ્યા જાદવનો સમાવેશ થાય છે. પોલીસે દાવ પરથી રોકડ રકમ રૂ. ૨૬૭૦ તેમજ અંગજડતી દરમિયાન ૮૮૦૦ અને મોબાઈલ નંગ-૩ કિ.૧૫૦૦ મળીને કુલ રૂ. ૧૨,૯૭૦ ના મુદ્દામાલ કબ્જે કરી પોલીસે તપાસ તેજ કરી છે.

### સરઢવ પેટ્રોલ પંપ પાસે ખુલ્લા જગ્યામાં જુગાર રમતા ૪ શકુની ઝડપાયા

પેથાપુર પોલીસ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે રૂપાલથી સરઢવ ગામ તરફ જવાના માર્ગે પેટ્રોલ પંપ પાસે ખેતરમાં ખુલ્લી જગ્યામાં જુગાર રમી રહ્યા છે. જેને પગલે પોલીસે રેઈડ પાડતા પોલીસને જુગાર રમતા બળદેવ ગણેશ પ્રજાપતિ, મહેશ સોમા પ્રજાપતિ, સંજય પોપટ પ્રજાપતિ, રાજુ હરગોવન પ્રજાપતિ રંગેહાથ ઝડપાઈ ગયા હતા.પોલીસને દાવ પરથી રોકડ રૂ. ૧૧૫૦ તેમજ અંગજડતી દરમિયાન રૂ. ૭૨૨૦ મળીને કુલ રૂ. ૮૩૭૦ નો મુદ્દામાલ કબ્જે કરી પેથાપુર પોલીસે તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ઈન્ફોસીટી ક્લબ આયોજિત ડ્રોઈંગ કોમ્પીટીશનમાં હિલવુડ સ્કૂલની કુ. અક્ષરા અપેક્ષાબેન પ્રથમ



ગાંધીનગર, તા. ૧૮
ઈન્ફોસીટી ક્લબ એન્ડ રિસોર્ટ ગાંધીનગર આયોજિત ડ્રોઈંગ કોમ્પીટીશનમાં હિલવુડ હાઈસ્કૂલ ગાંધીનગરમાં ધોરણ આઠમાં અભ્યાસ કરતી અક્ષરા અપેક્ષાબેન 'માય વિઝન ઓફ ઈન્ડિયા' થીમ હેઠળ દોરેલા ચિત્રને પ્રથમ પુરસ્કાર અને ટ્રોફી પ્રાપ્ત થયાં છે. કુ. અક્ષરાએ ચંદ્રયાન-૨ની ભારતની સિદ્ધિને એના આગવા અંદાજમાં ડ્રોઈંગ શીટ પર અવનવા રંગોથી ભરી 'આઈ લવ માય ઈન્ડિયા' અને 'આઈ એમ પ્રાવુડ ટુ બી એન ઈન્ડિયન'નો રાષ્ટ્રપ્રેમનો સંદેશ આપ્યો હતો. ઈન્ફોસીટી ક્લબ ખાતે અનેક સ્પર્ધકો અને વાલીઓની ઉપસ્થિતિમાં તાળીઓના ગડગડાટ વચ્ચે આયોજકોના હસ્તે અક્ષરાએ આ પુરસ્કાર સ્વીકાર્યો હતો.



લાયન્સ ક્લબ ગાંધીનગર દ્વારા ફુડ ફોર હંગર કાર્યક્રમ અંતર્ગત ફુડ ફોર હંગર સમિતિના ચેરમેન મૌલિકભાઈ ચૌધરી દ્વારા વરસાદની સિઝનને લીધે ચુલા પર રાંધતા ગરીબ પરિવારોને ધ્યાને રાખી ગરીબ શ્રમિક વિસ્તારમાં જઈ ૬૦૦થી વધુ શ્રમિક તેમજ તેઓના પરિવારને ગરમા ગરમ ખિચડી અને છાશનું વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું. આ સેવાકીય પ્રવૃત્તિના મુખ્ય દાતા પૂર્વ ખજાનચી લાયન્સ ક્લબ ગાંધીનગર લાયન પ્રવિણભાઈ ચૌધરી રહ્યાં હતા. પૂર્વ મેયર ગાંધીનગર મહાનગરપાલિકા પ્રવિણભાઈ પટેલ અને લાયન પ્રિતિબેન શર્મા, લાયન પલ્લવીબેન ગુપ્તે દ્વારા પણ આર્થિક સહયોગ પુરો પાડવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં લાયન સભ્યો અને લીયો ક્લબ ગાંધીનગરના સભ્યો મોટી સંખ્યામાં જોડાઈ સેવામાં સહભાગી બન્યાં હતા.




## જ્યોતિ મહિલા મંડળ દ્વારા સાસુ-વહુની ટ્વેન્ટી ટ્વેન્ટી કોમેડી નાટક યોજાયુ

જ્યોતિ મહિલા મંડળ ગાંધીનગર અને અખીલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ દ્વારા અને ગુજરાત રાજ્ય સંગીત નાટક એકેડેમીના સહયોગથી સાસુ-વહુની ટ્વેન્ટી ટ્વેન્ટી કોમેડી નાટકની સે. ૨૩ નાથીબા હોલ ખાતે પ્રસ્તુતિ કરવામાં આવી હતી. મનીષ દવે નિર્મિત અને મનીષા ત્રિવેદી દ્વારા પ્રસ્તુત તેમજ વિપુલ મહેતા (મુંબઈ) દ્વારા લિખિત નાટક ૧૨૦૦થી વધુ બહેનોએ માણ્યો હતો. ખાસ ના નાટકના મધ્યમાં પ્રેક્ષકોમાંના દરેક સાસુ વહુને સ્ટેજ પર બોલાવી તેમનુ અભિવાદન કરવામાં આવ્યુ હતુ તથા તેમના દ્વારા એકબીજા પ્રત્યેના પ્રતિભાવો જણાવાયા હતા. આ પ્રસંગે જ્યોતિ મહિલા મંડળના પ્રમુખ ડૉ. ચેતના બુચ અને અખીલ ભારતીય સ્વાસ્થ્ય સંઘના પ્રમુખ શર્મિષ્ઠાબેન દવે, કડી કેમ્પસ ગર્લ્સ હોસ્ટેલના સુપ્રિન્ટેન્ડન વાસંતીબેન પટેલ, હર્ષાબા ધાંધલ, કોકિલાબેન નાયક, નિરૂબેન નાયક, સરોજબેન પારેખ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**
- મિશન મંગલ
૯, ૧૦.૫૦, ૧૧.૪૫, ૧.૪૫, ૨.૪૦, ૪.૪૦, ૫.૩૫, ૭.૩૫, ૮.૩૦, ૧૦.૩૦
- બટલા હાઉસ
૯.૦૦, ૧૦.૦૦, ૨.૦૦, ૧.૦૦, ૩.૦૫, ૪.૦૫, ૬.૧૦, ૭.૧૦, ૯.૧૫, ૧૦.૧૫
- ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ
૩-ડી હિન્દી
૧.૧૦
- ધ લાયન કિંગ
૧૦.૪૦
- સુપર-૩૦
૯.૩૦

**સિટી પલ્સ કુડાસણ**
- મિશન મંગલ
૧૧.૩૦, ૧૨.૪૫, ૨.૧૫, ૪.૦૦, ૫.૦૦, ૬.૪૫, ૭.૪૫, ૧૦.૩૦
- બટલા હાઉસ
૧૦.૩૦, ૧૨.૪૫, ૧.૧૫, ૬.૪૫
- સુપર-૩૦
૬.૩૦ સાંજે
- કબિરસિંગ
૩.૧૫ બપોરે
- ચાલ જીવી લઈએ
૧૨.૩૦
- ચાસની (ગુજરાતી)
૯.૩૦

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**
- મિશન મંગલ
૮, ૧૦, ૧૧, ૧૨.૧૦, ૧.૦૦, ૨.૦૦, ૪.૦૦, ૫.૦૦, ૭.૦૦, ૮.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦
- બટલા હાઉસ
૯.૦૦, ૧૦.૦૦, ૧.૧૦, ૩.૧૫, ૪.૨૦, ૭.૩૦, ૯.૩૦, ૧૦.૧૪૦
- ચાસની (ગુજરાતી)
૬.૩૦ સાંજે

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**
- મિશન મંગલ
૮.૫૫, ૯.૪૫, ૧૦.૪૫, ૧૧.૩૫, ૧૨.૩૦, ૧.૩૦, ૨.૨૫, ૩.૨૫, ૪.૨૫, ૫.૨૦, ૬.૨૦, ૭.૨૦, ૮.૧૫, ૯.૧૫, ૧૦.૧૫
- બટલા હાઉસ
૯.૧૦, ૧૦.૦૦, ૧.૦૦, ૩.૦૫, ૪.૦૦, ૭.૦૦, ૯.૦૦, ૧૦.૦૦
- ચાસની (ગુજરાતી)
૧૨.૧૫

## ચિરવિદાય

- સ્વ. શ્રીમાળી રમીલાબેન કમલેશભાઈ ઉ.વ.૪૭
- સ્વ. શળારદાબેન સુરસંગજી ઠાકોર ઉ.વ. ૫૦
- સ્વ. ઠાકોર કમુબેન ધનાજી ઉ.વ. ૬૭
- સ્વ. લક્ષ્મણજી સરદારજી રણા ઉ.વ. ૭૯
- સ્વ. વાળંદ સુનીતાબેન ભરતભાઈ ઉ.વ. ૫૭
- સ્વ. વસંતલાલ પેસુમલ આહુજા ઉ.વ. ૭૫
- સ્વ. મંગુબેન રામાભાઈ પ્રજાપતિ ઉ.વ. ૮૦

# સંભાળજો... રસ્તે રખડતાં પશુઓ ક્યાંક હાડકા 'ખોખરા' ના કરે..!!!

## ચોમાસાની ઋતુમાં ગંદકીથી પેદા થતા જીવજંતુઓથી બચવા માર્ગો પર આવી જતા ઢોરોની સમસ્યા નાથવા સરકારે ''પાક્કી ગમાણો'' જેવી યોજના અમલમાં મુકવા જેવી ખરી : પશુઓના શિંગડે રેડિયમ પટ્ટીનો કડક અમલ સાથે બેજવાબદાર પશુપાલકો સામે લાલ આંખ કરવી પણ જરૂરી




આજકાલ તમે રાજ્યના કોઈપણ શહેર કે નગરમાં વાહન લઈને રોડ પરથી પસાર થઈ રહ્યાં હોવ તો ક્યાંક ને ક્યાંક રોડ પર અડિંગા જમાવેલી ગાયો, બળદ, આખલા કે ભએંસો તમારો માર્ગ અવરોધતા જોવા મળે અને તેના કારણે તમને ટ્રાફિક જામ કે વાહન ચલાવવામાં અડચણ જેવી મુશ્કેલીઓનો સામનો પણ કરવો પડી શકે છે. આ સમસ્યાંને પગલે તમને માર્ગ પર રખડતા ઢોરોની સમસ્યા નાથી ના શકવા અંગે તંત્ર પર ગુસ્સો પણ આવી શકે છે અને તે કેટલેક અંશે વ્યાજબી પણ છે. જોકે ચોમાસાની ઋતુના પ્રારંભે ગભાણોમાં ગંદકીથી પેદા થતા માખી-મચ્છર જેવા જીવજંતુઓ અને આ સમયે જ ચાલુ થતા આ પ્રકારના પશુઓના મેટિંગ પિરીયડ જેવી પરિસ્થિતિના કારણે આ સમયગાળામાં માર્ગો પર રખડતાં ઢોરની સમસ્યા ખૂબ વધી જાય છે. આમ છતાં આ બાબતે પશુપાલકોની જવાબદારી સ્હેજ પણ ઓછી થતી નથી અને સરકારી તંત્ર સામે સવાલ પણ ખડા થાય છે કે સા માટે રખડતાં ઢોરોની સમસ્યા અંગે કોઈ ચોક્કસ નીતિ ઘડવામાં આવતી નથી ? કેમ કે આ સમસ્યાને કારણે અકસ્માતો પણ સર્જાય છે અને કેટલાંક વાહનચાલકો ભોગ બની પોતાનો જીવ પણ ખોઈ બેસે છે.

આપણી ભારતીય સંસ્કૃતિમાં ખાસ કરીને હિન્દુ ધાર્મિક માન્યતાઓમાં વિવિધ પશુઓને દેવી-દેવતાઓના વાહન તરીકે કલ્પવામાં આવ્યાં છે જેનો હેતુ કદાચ પ્રાણીઓની પ્રકૃતિના સંતુલનમાં રહેલી અગત્યતાને ઉજાગર રાખવા પણ હોઈ શકે છે. જોકે આજના સમયમાં જ્યાં દિન-પ્રતિદિન વાહનોની સંખ્યા અને ટ્રાફિકમાં વધારો થવા સાથે માર્ગ અકસ્માતોનું પ્રમાણ પણ ખૂબ વધ્યું છે તેવા સમયમાં માર્ગો પર પશુઓ રખડતા રહે તે યોગ્ય સ્થિતિ ના કહેવાય. આ સમસ્યા વકરવા પાછળ ઢોરોના મેટિંગ પિરીયડ ઉપરાંત પશુપાલકોની કેટલીક બેજવાબદારી અને તંત્રની આંખ આડા કાન કરવાની વૃતિ પણ જવાબદાર છે. અત્યારે ચોમાસાની ઋતુના કારણે ગાય-બળદ-ભેંસ જેવા પશુઓ રાખવાની ગમાણોમાં પુષ્કળ ગંદકી સર્જાય છે તેજ રીતે માર્ગોની બંને તરફ પણ કાદવ-કિચડ જોવા મળે છે જેમાં માનવી સહિત પશુઓને પણ પરેશાન કરી મુકતા માખી-મચ્છર સહિતના જીવજંતુઓનો ઉપદ્રવ ખઊબ વધી જાય છે. વળી, રોડ સિવાયની જગ્યાએ વરસાદના કારણે પાણીનો ભરાવો કે ભીનાશ પણ આ ઢોરોને રોડ પર આવી બેસવા મજબૂર કરે છે. જેમ પાલતુ ગાય કે ભએંસ જેવા દુધાળા પશુ દૂધ આપતાં હોય ત્યાં સુધી સાચવવા અને પછી વસુકી જાય એટલે છોડી મુકવા જેવી બેદરકારી દાખવતા પશુપાલકો પોતાના પાલતુ પશુઓ માટે સ્વચ્છ અને આરસીસી ફઅલોરીંગ વાળી ગમાણ શા માટે બનાવતા નથી ? જ્યારે રખડતા ઢોરને નિયંત્રણમાં લેવા તંત્ર દ્વારા પકડીને પાંજરે પૂરવા અથવા શહેરી વિસ્તાર દૂર વગડામાં છોડી દેવા જેવા પગલાં લેવામાં આવે ત્યારે 'શૂરા' બનીને કર્મચારીઓને દબડાવતા પશુપાલકો પોતાના પાલતુ પશુઓ જેના પર કમાણી કરે છે તેના માટે શું આટલું ના કરી શકે ?

રાજ્યમાં માત્ર ગાય-ભેંસ જ નહી બળદ, આખલા, કૂતરાંથી માંડીને નીલગાયો અને ખેતરોમાં ભૂંડ વગેરેનો આંતક પણ ઓછો નથી. બારેમાસ રાત્રિના સમયે પોતાના નોકરી વ્યવસાયથી કે અન્ય કામથી પરત ફરતા વાહનચાલકોને કૂતરાં પાછળ પડે અથવા સોસાયટીમાં એકાદ વ્યક્તિને વાંદરાઓ પર પ્રેમ ઉભરાતો હોવાથી તેને તેના કુદરતી ખોરાક ફળ-ફુલ વગેરેના બદલે ઘરમાં બનાવેલી વાનગીઓ ખવડાવવાની આદત પાડવાની મુર્ખામી કરતા નાગરીકના કારણે વાંદરાઓ દ્વારા બાળકોને બચકાં ભરી લેવાની સમસ્યાઓ પણ સતત સર્જાતી જોવા મળે છે. આ સ્થિતિમાં વાહનચાલકોએ તો પોતાનું વાહન 'રામ ભરોસે' જ હંકારવુ પડે છે અને જો ઘરે સહીસલામત પહોંચી જવાય તો પ્રભુનો 'પાડ' જ માનવો રહે છે. સોશ્યલ મિડીયા પર ઘરડાં મા-બાપને ઘરડાઘરમાં મુકી આવનારા સંતાનો પર ફિટકાર વરસાવતા મેસેજ ફોરવર્ડ કરનારા જ જ્યારે પોતાના ઢોરને દૂધ આપતા બંધ થઈ જાય એટલે રખડતાં મૂકે તે કેટલુ યોગ્ય કહેવાય ?

જો કે સમસ્યાને નિવારવા સરકારે પણ કેટલાક કડક પગલાં લેવા સાથે શૌચાલયની જેમ આરસીસી ફલોરીંગવાળી પાકી ગમાણો બાંધી આપવાની કોઈ યોજના અમલમાં મુકી શકાય કે કેમ તે ચકાસવુ જોઈએ. ગામતળે રહેલા ગૌચરોને વેચી દેવાને બદલે ઢોરો તેમાં પૌષ્ટિક ખોરાક મેળવી શકે તેવી સગવડ સાથેના અત્યાધુનિક ગૌચરોનો વિકાસ કરવા તરફ પગલાં ભરવા જેવા ખરાં કે નહી ? અને તત્કાળ રાહત માટે કાયમી ધોરણે ગાય-ભેંસ-બળદ-આખલાં જેવા પશુઓને શિંગડે રેડિયમ પટ્ટીઓ લગાડવાની યોજના લાગુ કરી ફરજિયાત બનાવવી જોઈએ. આ સાથે દરેક નાગરિકોએ પણ પહેલી રોટલી ભલે ગાયને ખવડાવે પરંતુ પ્લાસ્ટિકની થેલીઓમાં ભરીને વધેલો ખોરાક કચરામાં ફેંકવાનું સદંતર બંધ કરવું જોઈએ.

- પ્રતિભાવો આવકાર્ય
samirtalod@yahoo.com